# ઘટનાને પેલે પાર

-ડૉ.નિમિત્ત ઓઝા

**.1.**

મમ્મીના વહાલની ઈસ્ત્રી કરીને, પપ્પાની કડકશીસ્ત જેવો કડક યુનીફોર્મ પહેરીને, પોતાની ચોટલીમાં આખી સવાર પરોવીને દીકરી નીશાળે જાય છે. દાદાના ડહાપણ જેવી નોટબુકને, દાદીના વહાલપનું પુઠ્ઠું ચઢાવીને, સફેદ સ્ટીકર ઉપર પોતાની સાથે પપ્પાના નામને ચોંટાડીને,...... દીકરી નીશાળે જાય છે. મમ્મી સાથે રોજ સવારે આખું રસોડું વહેલું જાગે. મમ્મી રોજ સવારે, જેટલું આવ્યું હોય એટલું બધું વહાલ નાસ્તો બનાવવામાં વાપરી નાખે..... નાસ્તો કરીને મોઢું લુછવા માટે દીકરી મમ્મીની સાડીનો છેડો લઈને જાય છે.

નીશાળના પહેલા બાંકડે પાથરવા માટે મમ્મીનો ખોળો ઉધાર લઈને દીકરી નીશાળે જાય છે.

**.2.**

ફળીયામાં કપાઈને પડેલા પતંગની સાથે સાથે, કપાઈને પડેલી સાંજ પણ મમ્મીએ ઉપાડી લીધી. ઘરની અગાસી પર માળો બાંધીને બેઠેલા ખાલીપામાંથી, નીસાસા નામનાં બે ત્રણ પંખીઓ ઉડતાં દેખાયાં. બાકી, એકંદરે આકાશ પણ, મમ્મીના જીવતર જેવું કોરું કટ્ટ દેખાયું.

ચાઈનીઝ દોરાઓ વડે કપાયેલાં ટેરવાં, હવે કોઈ બીજા શહેરમાંથી મમ્મીને 'વોટ્સએપ' દ્વારા 'હેપ્પી ઉત્તરાયણ'ના મેસેજ મોકલે છે. ચાઈનીઝ દોરાઓની સાથે સાથે, મમ્મી સાથેના સમ્બન્ધો પણ હવે 'મેઈડ ઈન ચાઈના' થઈ ગયા છે. મમ્મીને તકલાદીપણું સદી ગયું છે.

પોતાના આકાશમાં નહીં ઉડેલા પતંગોને જોઈને, મમ્મી રાજી થાય છે અને મેસેજ વાંચી પપ્પાને સમાચાર આપે છે 'એ લોકો મજામાં છે'.

**.3.**

12 પાનાનું કેલેન્ડર, એ ન હોય ત્યારે 1200 પાનાનું થઈ જાય. ઘડીયાળના કાંટાઓને 'ઘુંટણના વા'નો દુઃખાવો ઉપડે અને આગળ વધતા અટકી જાય. ધક્કો મારીને દીવસને પસાર કરવો પડે.

જાણે જીન્દગીને કોઈએ 'સ્ટેચ્યુ' કહી દીધું હોય ! નાની નાની ખુશીઓ 'ટાઈમ પ્લીઝ' કહીને બેસી જાય અને એની સાથેનો ભુતકાળ 'ચીટીંગ' કરીને આપણને હસાવી જાય.

રોજ સવાર–સાંજ પાસે આવીને, હવે કાનમાં કોઈ 'ખાનગી' વાત કહેતું નથી. પપ્પાના મોટા બુટ પહેરીને ચાલી શકે, એવું કોઈ હવે ઘરમાં રહેતું નથી.

ટુંકાં થઈ ગયેલાં કપડાંઓ અને દરજી, એની લંબાઈ વધ્યાના સમાચાર આપતા જાય છે.

યુસેન બોલ્ટને પણ પાછળ રાખી દે, એવી સ્પીડથી દીકરીઓ બહુ જલદી મોટી થઈ જાય છે.

## .4.

નાના હતા ત્યારે, નાક હજુ બરાબર ઉગ્યું નહોતું; એટલે કપાઈ જવાનો ડર પણ નહોતો. નફ્ફટ બનીને ચાલુ વર્ગખંડે, શીક્ષક જેવા બોર્ડ ઉપર લખવા પીઠ ફેરવે કે તરત જ, નજર ફેરવીને આપણે પેલી ગમતી વ્યક્તીને જોઈ લેતા... 'ગમવું' શબ્દ ફક્ત વર્તમાનકાળ લઈને આવે છે. એનો ભુતકાળ પણ ન હોય અને ભવીષ્યકાળ પણ નહીં. ગમવું કદાચ પ્રેમ કે લગ્નમાં ન પરીણમે તો પણ એ ગમતું તો રહેવાનું જ !

## .5.

પરીક્ષા સમયે મોડી રાત સુધી વાંચતી વખતે, 'મમ્મી' નામની ઘટના કૉફી બનીને વળગી જતી હોય છે. એ કૉફીનું ઋણ ચુકવવાનું બાકી છે.

છાતી પર text book મુકીને જ્યારે આંખો બંધ થઈ જતી, ત્યારે એ text bookમાં રહેલાં પાનાંઓનું વજન આપણાં સપનાંઓ સુધી પહોંચી ન જાય, તે માટે જ 'મમ્મી' આપણી છાતી પરથી એ બુક એવી રીતે ઉતારી લેતી – જાણે કોઈ આપણી નજર ઉતારતું હોય !

પરીક્ષા સમયે મમ્મી આપણામાં ઠાંસી ઠાંસીને વહાલ ભરતી, એટલે જ અચુક આપણું વજન વધી જતું.

પરીક્ષા એક અવસર છે, મમ્મીના વહાલને encash કરવાનો.

પરીક્ષા જેવી ઘટના મમ્મીની નજીક લઈ જાય; ઈશ્વરની નહીં.

**.6.**

SUICIDE કરતા પહેલાં એક વાર....... તમારી CALL HISTORYમાં જઈને બધા જ કોલના call duration ચેક કરો. જે વ્યક્તી સાથે તમે સૌથી વધારે લાંબી વાત કરી હોય, એ જ વ્યક્તીનો નંબર ફરી એક વાર dial કરો. તમે લીધેલા નીર્ણય માટે એક વાર સામેવાળી વ્યક્તીનો second opinion લઈ જુઓ.

પંખા સામે જોતાં પહેલાં એક વાર મમ્મી-પપ્પાનો DP જોઈ લો. કદાચ તમારું મન ફરી જાય.

તમારી આસપાસ તમારાથી વધારે દુ:ખી હોય, એવી કોઈ વ્યક્તી શોધવાનો પ્રયત્ન કરો. તમને એ શોધવામાં જરાપણ સમય નહીં લાગે. જથ્થાબંધ ભાવમાં ખરીદેલી ઉદાસી લઈને ચાલતા કેટલાય લોકો તમને સામે મળશે.

જેને કચકચાવીને ગળે મળી શકાય, એવો એક જણ urgently શોધી લો.

At least take 'second opinion' before you die.

**.7.**

મેડીકલ કૉલેજમાં આત્મહત્યાની મોસમ પુરબહારમાં ખીલેલી હોય, ત્યારે ભારે ભરખમ text bookનાં બે પુંઠાંઓ વચ્ચે નીર્દોષ જીન્દગીઓ ગુંગળાઈ ન જાય એ આપણી પણ જવાબદારી છે. આમ ભલે હથીયાર માફક વર્તે, સરળ ભાષામાં એને MBBS કહેવાય છે. JIO ના સીમ કાર્ડની જેમ freeમાં આવતી ચીંતાઓ અને નીષ્ફળતાનો ડર, પોતાની expiry date લઈને આવે છે. દરેક ચીંતાની એક expiry date હોય છે. Nothing in this world is permanent, not even your troubles. ઉદારતાથી જાતને માફ કરવાનું શીખવાડે એવું એક પણ ચેપ્ટર unfortunately, MBBSમાં નથી; પણ એ શીખવા જેવું ખરું.

પોતાની અપેક્ષાઓનું વેઈટ લીફ્ટીંગ કરવાનું બંધ કરીને, મેડીકલ સીલેબસના એક ભાગ રુપે પણ જાતને ચાહવાનું શરુ કરવું.

**.8.**

Exam સમયનો સ્ટ્રેસ એ મેડીકલ સ્ટુડન્ટની પહેલી પ્રેમીકા છે. એ કાયમ તેની સાથે જ રહેવાની છે. મેડીકલ કૉલેજમાં એડમીશન વખતે, ફોર્મ ઉપર એક 'જાહેર ચેતવણી' લખવી જોઈએ

કે જાત પાસેથી unrealistic expectations રાખવા નહીં. પોતાની જાત ઉપર પરાણે ઠોકી બેસાડેલી અપેક્ષાઓના ભાર હેઠળ કેટલાક મેડીકલ સ્ટુડન્ટસ MBBS પુરું કરતાં પહેલાં જ, પોતાની જાતને સરન્ડર કરી દેતા હોય છે. સાડા ચાર–પાંચ વર્ષમાં એવા કેટલાય episodes આવે કે જ્યારે તમને ડીપ્રેશન કે લેક ઓફ કોન્ફીડન્સ જેવી મેડીકલની side effects વર્તાવા લાગે. Love Failure જેવી extra event ઉમેરાય એટલે નક્કી ગળામાં ગોલ્ડ મેડલની જગ્યાએ, હૉસ્ટેલના રુમના પંખા સાથે લટકતો ગાળીયો જ વહાલો લાગે. MBBS, જાતનું પણ સમારકામ કરે છે. Obviously, 'survival of the fittest'. પણ આ પંખાને વહાલા થઈ જવાનો શોર્ટ કટ અટકાવી પણ શકાય. ICUમાં વેન્ટીલેટર પર રહેલા દર્દી માટે પણ, જો આપણે છેક સુધી લડતા હોઈએ; તો પોતાની જાતને બચાવવા માટે એક ચાન્સ તો આપણે deserve કરીએ છીએ.

આજના સમાચાર : Another Medical student hangs himself in Jamnagar.

## .9.

Finally 2016 પુરું થશે. કેલેન્ડરના છેલ્લા પાને અટકેલાં સપનાંઓને, ચાર ભીંતોની બહાર જવાની permission મળે એવું કંઈક જો તું કર, તો ખરા અર્થમાં તને 'હેપ્પી ન્યુ યર.'

દુખાવાથી પીડાતી તારી લાગણીઓને ટેકવવા, વીખુટો પડેલો એક યાર મળી જાય એવું કંઈક જો તું કર, તો ખરા અર્થમાં તને 'હેપ્પી ન્યુ યર.'

આંખોમાં બ્લેક મનીની માફક, તેં સંગ્રહેલાં એ આંસુઓ, જેને તું ક્યારેય પાડી શક્યો નથી; એ આંસુઓ પાડવાં તને એક ખભો મળે, એવું કંઈક જો તું કર, તો ખરા અર્થમાં તને 'હેપ્પી ન્યુ યર.'

આજકાલ બહુ લુંટફાટ કરે છે આ જીન્દગી. જાતને છાનીમાની સાચવીને રાખવા માટે, પોતાનું કહી શકાય એવું મળે જો એક ઘર, તો ખરા અર્થમાં તને 'હેપ્પી ન્યુ યર.'

આસપાસ જો, તારીખીયાંનાં પાનાંની જેમ ખરતી ક્ષણો અને ખરી પડતી જીન્દગીઓ છે. કોઈ એક ઉદાસ ચહેરા પર તું ખુશીઓની રંગોળી કર, તો ખરા અર્થમાં 'તને હેપ્પી ન્યુ યર.'

તારા ભાગે આવેલું આકાશ હજુ પણ કોરું છે. તને ગમતા રંગોનો તું મહોત્સવ કર, તો ખરા અર્થમાં તને 'હેપ્પી ન્યુ યર.'

## .10.

સ્માર્ટ ફોનનો ફ્રન્ટ કેમેરા સતત કોઈને શોધે છે. કોણ હતું, જે કશા જ કારણ વીના દીવસમાં કેટલીય વાર એની સામે જોઈને smile આપ્યા કરતું ? ફોનની સાથે સાથે જે પોતાની જાતને પણ વહાલ કરતું ? ક્યાં ગઈ એ કુંવારી આંગળીઓ જેના random સ્પર્શથી સ્માર્ટ ફોનની ટચ સ્ક્રીનમાં લાઈટ થઈ જતી ? ક્યાં ગઈ એ સવાર જે દીકરીની સેલ્ફી વીના ક્યારેય પડતી નહીં ? દીકરીની એક સેલ્ફીથી સ્માર્ટ ફોનનો દીવસ આખ્ખાનો થાક ઉતરી જતો. સ્માર્ટ ફોનને ચાર્જ કરવા માટે ફક્ત દીકરીનો સ્પર્શ પુરતો હોય છે. બધા જ વ્યવહારો જાણે flight mode પર મુકાઈ ગયા હોય એવું લાગે..... જ્યારે દીકરી ઘરમાં ન હોય ત્યારે.

## .11.

સાંતા ક્લોઝ તો મોટી મોટી ક્લબમાં આવે, પાર્ટીઓમાં આવે, હૉટેલમાં આવે.

બા, તું જ એકાદ રોટલી ચુલા ઉપર ચડાવ ને ! બા, એક વાર પાછી આવ ને !

બા, એના સફેદ મોજાંમાં તારા જેવો સ્પર્શ નથી વરતાતો, રસોડામાં રોજ સવારે ધીમું ધીમું, એ પણ કેમ નથી ગાતો ? બા, એને તો ગુજરાતી પણ નથી આવડતું ! શી કરવી મારે એની સાથે વાતો ?

બા, સાંતા ક્લોઝ તો ફક્ત ગીફ્ટ આપે છે. જો શક્ય હોય તો થોડા આશીર્વાદ પણ એની સાથે મોકલાવ ને ! બા, એક વાર પાછી આવ ને !

બા, સફેદ દાઢીમાં તારા જેવું સ્મીત કેમ નથી દેખાતું ? એના ખોળામાં માથું મુકવાનું મન નથી થાતું.

બા, આ બાજુ તલ–શીંગની ચીકી ને મમરાના લાડુ, ને પેલી બાજુ ચોકલેટની રેલમ્ છેલ!

બા, આ બાજુ તારા અવાજમાં હજુ પણ ગુંજતાં હાલરડાં, ને પેલી બાજુ જીંગલ બેલ!

કોણ જાણે કેમ, એવું નથી લાગતું કે મારી ઈચ્છાઓને પાંખો આવી હોય; સફેદ દાઢીમાં પારકાં સુખને જાણે અંગ્રેજી આંખો આવી હોય.

બા, જીંગલ બેલની ટ્યુનમાં એકાદ હાલરડું મોકલાવ ને ! બા, એક વાર પાછી આવ ને !

બા, ‘સાંતા’ તારા જેટલો ‘ક્લોઝ’ તો ન જ આવી શકે. એના થેલામાં એક વાર તારી જાતને મોકલાવ ને ! બા, એક વાર પાછી આવ ને !

**.12.**

મારા વીશ્વની વસ્તીગણતરી કરવા જાવ તો........

ફક્ત 'પપ્પા' નામના ગ્રહમાં મારુ આખું બ્રહ્માંડ આવી જાય....

'મમ્મી'ની વાત નથી કરતો;

કારણ કે વસ્તીગણતરીમાં આપણે

'ઈશ્વર'ની ગણતરી નથી કરતા.. ખરું ને ?

**13.**

ફળીયામાં પડ્યાં રહેતાં 4 ઈંચનાં ચપ્પલ ફળીયાની છાતીને 56ની કરી દેતા. ફળીયામાંથી 4 દીવસ માટે 4 ઈંચનાં ચપ્પલ શું ગયાં, કે ફળીયું આખુ સફેદ રંગનું મૌન ઓઢીને બેઠું છે. ઘરનો ખાલીપો bass વધારીને high volume પર વાગે છે. ખાલીપણું વીરાટ કોહલી જેટલું consistent રહેવા લાગે અને ધોળે દીવસે ઘરમાંથી ઘોંઘાટની ચોરી થઈ જાય તો સમજવું કે boss, ઘરમાં દીકરી નથી.

**.14.**

બાપુજીએ પેન્શનની નોટો ગણતી વખતે 1000 અને 500ની નોટોને અલગ મુકી દીધી. બાપુજીએ હસતાં હસતાં બાને કહ્યું, 'સરલા, આ નોટો હવે આપણા માટે ન–કામી'.

બાએ સાડીના છેડાથી સ્ટીલનો પ્યાલો બહારથી લુછ્યો અને બાપુજીને પાણી આપ્યું. બા કહે, 'દીકરીનો સાસરેથી ફોન આવ્યો'તો. એણે કહ્યું છે કે બાપુજીને કહેજો ચીન્તા ન કરે. હું આવીશ ત્યારે બેંકમાં જઈ આવીશ. ત્યાં સુધીમાં કંઈ જરુર હોય તો કહેજો'.

બાપુજીએ મલકાતાં મલકાતાં કહ્યું 'સારું છે. કાળુ નાણું બહાર તો આવશે. સરકાર જે કરે, એમાં આપણું સમર્થન છે, ભાઈ'

બાએ બાપુજીના ખભે હાથ મુકીને પુછી નાંખ્યું : 'હું શું કહું છું, આપણી પાસે પણ કાળુ નાણું છે?'

બાપુજીએ સ્ટીલના પ્યાલામાં જેટલું પાણી પીધેલું એ બધું જ પાણી, હવે બાપુજીની આંખોમાં આવ્યું. ગજવામાં રહેલા ખાદીના રુમાલથી બાપુજીએ આંખો લુછી અને દીકરીના ફોટા સામે જોઈને

બોલ્યા, 'હા સરલા, આપણી પાસે પણ છે. અમુક લક્ષ્મીની ક્યાંય ENTRY ન હોય. આપણે તો એ વહાલું નાણું છે.'

-ડૉ.નિમિત્ત ઓઝા

સર્જકસમ્પર્ક :

DR. Nimit oza,

VRUSHTI UROLOGY CLINIC

Sameep, 3rd Floor, Opp. Sir T. Hospital Bus Stand, Kalubha Road, Kalanala, Bhavnagar. Phone : 0268-251 4045. Mobile :9723369933

eMail : vrushtiurologyclinic@yahoo.com

facebook : https://www.facebook.com/drnimit.oza

'સન્ડે ઈ.મહેફીલ'ના આ અંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવા ગઝલકાર અને નીવૃત્ત આચાર્ય ભાઈ શ્રી સુનીલ શાહ ( sunilshah101@gmail.com )નો ખુબ ખુબ આભાર..

– ઉત્તમ ગજ્જર

♦●♦

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ : બારમું – અંક: 372 – April 16, 2017

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,34,98,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 75,35,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 9,18,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 5,60,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@

વહાલા મીત્રો,

ભાઈ હરનીશ જાનીનો પ્રથમ ‘હાસ્યવાર્તાઓ’નો સંગ્રહ લાંબા સમયથી લગભગ અપ્રાપ્ય હતો. એની ઈ.બુક, તા. 05-04-2017ના રામનવમીના દીવસે (હરનીશભાઈના જન્મદીવસને ટાણે) આપ સૌ રસજ્ઞોને ભેટ ધરતા બહુ આનંદ થાય છે.

કોઈ પણ પાનું ખોલી, વાર્તા વાંચવી શરુ કરો, ને તે પુરી વાંચ્યા વીના તમે  ન રહી શકો તેની ખાતરી.

આ ઈ.બુક હૃદયસ્થ રતીલાલ ચંદરયા કૃત વીશ્વપ્રસીદ્ધ વેબસાઈટ

**http://www.gujaratilexicon.com/ebooks/category/3/humour-**

પર મુકાઈ છે.

સુજ્ઞ વાચકો ઈચ્છે ત્યારે ઉપરની લીંક પરથી ડાઉનલોડ કરી શકશે. વીશ યુ હેપી રીડીંગ..

..ઉત્તમ ગજ્જર..

@@@@@@@@@